નવસારી-વલસાડ-ડાંગ જિલ્લાના સમાચાર

ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ

વાપી-વલસાડ : ૨૪૨૪૬૪૬ , ૯૩૭૫૮-૬૧૩૧૩ , નવસારી : ૯૮૨૫૪૮૮૧૫૧ બીલીમોરા : ૨૮૫૬૭૯ ચીખલી : ૨૩૪૭૯૮ વાંસદા : ૨૨૨૨૩૩, ૯૪૨૭૧ ૨૦૧૧૧ ઉમરગામ : ૯૯૦૪૧ - ૯૩૫૨૮ વેસ્મા : ૨૭૫૬૬૬- આહવા-૯૪૨૮૩૮૧૧૦૦

વાંસદા વઘઈ રોડ પર મહુવાસ ગામે બે ટવેરા ગાડી સામ સામે અથડાતા સર્જાયેલ ગોઝારા અકસ્માતમાં ટેવેરાને થયેલ નુકશાન અકસ્માતની ભયાનકતાનો ખ્યાલ આપે છે. જયારે ઈનસેટ તસ્વીરમાં ગોઝારા અકસ્માતમાં મૃત્યું પામનાર જીથરીબેન ડામોરની લાશ નજરે પડે છે. (તસ્વીરઃ નિદેશ કાપડીયા, વાંસદા)

વાંસદા વઘઈ રોડ પર બે ટવેરા ગાડી સામ સામે અથડાતાં એકનું મોત

અકસ્માતમાં ઘવાયેલા ચૌદ પૈકી ત્રણની હાલત ગંભીરઃ નવી સિવિલ ખસેડાયા

ઝાલોદનો પરિવાર શીરડીથી દર્શન કરી પરત ફરતો હતો અને અકસ્માત નડતા અન્યો ગંભીર

વાંસદા, વાંસદા વઘઈ રોડ પર વાંસદા તાલુકાનાં મહુવાસ ગામે મળસ્કે સાડાપાંચ વાગ્યાના સુમારે બે ટવેરા ગાડી સામસામે અથડાતા સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં એકનું ઘટનાં સ્થળ ઉપરજ મૃત્યું થયું હતું જ્યારે ઘવાયેલા અન્યો પૈકી ગંભીર રીતે ઘવાયેલા ત્રણ જણાને સુરત સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતા. વાંસદા પોલીસ મથકે શિવરાજકુમાર હિરાભાઈ મુનીયા (રહે. રડીયાલી ભુરામુનીયા ફળિયા, તા. ઝાલોદ જી. દાહોદ) નોંધાયેલ ફરિયાદ મુજબ શેરડી યાત્રાધામેથી પરત ફરી રહેલી એક ટવેરા ગાડી નંબર જી.જે.૬ ડી.જી. ૬૩૨૪ ને વાંસદા તરફથી વઘઇ તરફ જઇ રહેલી એક ટવેરા ગાડીનાં ચાલકે ટેવારા ગાડી નંબર જી.જે.૧૮ એક્ષ ૭૩૫ એ સામેથી અથડાવતા બંન્ને ટવેરા સામ સામે અથડાતા સર્જાયેલા ગોજારા અકસ્માતમાં શીરડીથી પરત ફરી રહેલી ટવેરા ગાડીમાં સવાર પૈકી જીથરીબેન રૂમાલભાઇ ડામોરનું ઘટનાં સ્થળ ઉપરજ મૃત્યુ થયું હતું જ્યારે આ ગાડીમાં સવાર અન્ય જીતુભાઇ મોહનભાઇ, ઉષાબેન જીતુભાઇ, આશાબેન સુરમલભાઇ, રૂમાલભાઇ, સુરમલભાઇ, વર્ષાબેન, રવિરાજ સુરમલભાઇ, અપેક્ષા તથા પ્રીન્સ પૈકી સાત જણાને ઇજા થઇ હતી. જ્યારે જીથરીબેનનું મૃત્યું થયું હતું. ગાડીનાં ઘવાયેલા સાતને ૧૦૮માં સારવાર અર્થે લઇ જવાયા હતા. જ્યારે વાંસદાનથી વઘઇ તરફ જઇ રહેલી ટવેરા ગાડી નંબર જી.જે.૧૮ એક્ષ ૭૩૫ માં સવાર ગામ કાશેલી, તા. ધાનસુરા જી. સાબરકાઢાનાં અમૃતભાઇ માલજીભાઇ દેસાઇ(ઉ.વ.૪૮), જયકુમાર વિશાલભાઇ દેસાઇ (ઉ.વ.૭), જીતુભાઇ લાલજીભાઇ દેસાઇ (ઉ.વ.૨૬), લાલજીભાઇ સહદેવભાઇ દેસાઇ (ઉ.વ.૫૫), ચેતના અશોકભાઇ રબારી (ઉ.વ.૨૪), ભાનુબેન અમૃતભાઇ દેસાઇ (ઉ.વ.૪૫), રીકીબેન હેમરાજ દેસાઇ (ઉ.વ.૨૪), માંથી કુલ ઘવાયેલા ૭ જણા પૈકી ૧૦૮ દ્વારા હોસ્પિટલમાં લઇ જઇ ત્રણ જણાને સારવાર આપી રજા અપાઇ હતી જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ચાર જણાને સુરત સિવિલ હોસ્પિટલમાં શીફટ કરાયા હતા. સામ સામે ટવેર ગાડી અથડાવાને કારણે બંન્ને ટવેરા ગાડીને વ્યાપક નુકશાન થયું હતું.

વલસાડ- અતુલ રોડ પર વસીયર નજીક વાહન અડફટે વૃધ્ધાનું મોત

૬૦ વર્ષીય કમુબેન ઠાકોર પગપાળા પસાર થતાં હતા ત્યારે અકસ્માત થયો હતો

વાપીઃ વલસાડ- અતુલ રોડ પર વસીયર ગામે શુક્રવારેની સાંજે અજાણ્યા વાહન ચાલકે રાહદારી વૃધ્ધાને અડફેટમાં લઇ ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છુટયો હતો. જેમનું સારવાર દરમ્યાન મૃત્યું હતું. પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ વલસાડ તાલુકાના વસીયર ગામે વલસાડ-અતુલ રોડ પર સીનેપાર્ક સીનેમા નજીક ગત તા. ૧૮-૫-૨૦૧૨ના રોજ સાંજે ૫-૪૫ વાગ્યે વશીયર ગામના મહારમેરી સ્કુલ પાસે રહેતા ૬૦ વર્ષીય વૃધ્ધા કમુબેન ગોયાભાઇ ઠાકોર પગપાળા પસાર થઇ રહ્યા હતા.

તે દરમિયાન કોઇક વાહન ચાલકે તેમને અડફેટમાં લઇ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી વૃધ્ધાને મુકી નાશી છુટયો હતો.

જેમને સારવાર અર્થે અત્રેના સીવીલ હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. જેમનું આજ રોજ સવારે સારવાર દરમ્યાન મૃત્યું થતું હતું. બનાવ અંગેની ફરીયાદ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશને નોંધાવતા ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

નવસારીપોલીસનોદેશીદારૂનાઅડ્ડાઓપર દરોડાઃ એક વોન્ટેડઃ બુટલેગરોમાં ફફડાટ

ઉપરાંત હાઈવે પરથી ૩૭ હજારનો દારૂ પકડયોઃ કાછીયાવાડીમાં ચાલતી ભઠ્ઠીઓમાં દારૂની રેલમછેલ

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ દ્વારા)

વેસ્માઃ નવસારી શહેરનાં જલાલપોર, પૂર્ણેશ્વર અને વિજલપોર વિસ્તારમાં ધમધમતાં ઈંગ્લીશ અને દેશી દારૂના અડ્ડાઓ ઉપર સફાળી જાગેલી જલાલપોર પોલીસે રેઇડો કરી એક ઈંગ્લીશ દારૂ વેચતો બુટલેગર અને ૯ દેશી દારૂની ભઠ્ઠી ચલાવનારાઓ ઉપર રેઇડ કરતાં બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. જલાલપોર અને વિજલપોર વિસ્તારમાં દારૂની રેમલછેલને લઇ પોલીસ જ ગવાહી પૂરી રહી હોવાની લોકચર્ચા સાંભળવા મળી રહી છે. નવસારી રૂરલ પોલીસે હાઈવે ઉપરથી લઈ જવાતો ૩૭ હજારનો ઈંગ્લીશ દારૂ અને કાછીયાવાડી વિસ્તારમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડતા, સમગ્ર જિલ્લામાં દારૂની રેલમછેલને લઈ અનેક ચર્ચાઓ ચાલી રહી હોવાનું જાણવા મળે છે.

જલાલપોર પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ ગત રોજ નવસારી રેલવે સ્ટેશનથી નજીક સોસા. ગંગા નિવાસમાં ઈંગ્લીશ દારૂનો અડ્ડો ચલાવતો ચેતન ઈશ્વર કહાર ઉર્ફે ચેતન માછીને ત્યાં જલાલપોર પી.આઈ.એમ.આર. ચાવડાની ટીમે રેઈડ કરતાં તેને ત્યાંથી પ્લાસ્ટીકની થેલીમાં ઈંગ્લીશ દારૂની બોટલ અને ટીન બીયર મળી કુલ બાટલી નંગ ૩૭ કિંમત રૂા. ૨૨૫૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. તદ્ઉપરાંત જલાલપોર બંધ ફળીયામાં રહેતી મીના જીતુ રાઠોડ (૫ લીટર દેશી દારૂ), હરીશ રઘુ પરમાર (૫ લીટર દેશી દારૂ), લીલા સંતોષ રાઠોડ (૭ લીટર વોશ રસાયણ, દેશી દારૂનું), કલ્પના જીતુ નાયકા (૪૫ લીટર દેશી દારૂ બનાવવા માટેનું) ત્રણ પતરાના ડબ્બામાં ગોળ પાણીનું રસાયણ), ટીનુ મહેશ ગાંધી (૨૦૦ લીટર દેશી દારૂ), યોગેશ નગીન નાયકા (૨૦૦ લીટર દેશી દારૂ બનાવવાનું રસાયણ), વિજલપોર સ્થિત મોરાર ફળિયામાં રહેતો મંગુ અનુભાઈ (૪ લીટર દેશી દારૂ), મરોલી બજારમાં રહેતી ગીતા નવીન નાયકા (૪ લીટર દેશી દારૂ), પૂર્ણેશ્વર વિસ્તારમાં રહેતી દક્ષા નટુ નાયકા (૫ લીટર દેશી દારૂ) સાથે પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યા છે.

આ ઉપરાંત નવસારી રૂરલ પોલીસ અને નવસારી એલસીબી અવર - નવર ને.હા.નં. ૮ ઉપરથી ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતાં ખેપીયાઓને ઝડપી પાડી જેલની હવા ખવડાવતી જ હોય છે. જેમાં તાજેતરમાં જ સર્કલ પી.આઈ. પી.જી. પટેલ અને નવસારી રૂરલ પોલીસ મથકનાં સેકન્ડ પી.એસ.આઈ. એલ.જી. ગામીતની ટીમે ને.હા. નં. ૮ ઉપર આવેલા ગણેશ સિસોદ્રા ગામના પાટીયા પાસે કટારીયા ઓટોમોબાઈલ્સની સામેથી એના ગામાન બુટલેગરને ત્યાં લઈ જવાતો ૩૭ હજાર રૂપિયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. જયારે ગ્રીડ નજીક આવેલા કાછીયાવાડી સ્થિત ઓરાવાડીમાં રહી દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી રમીલા રમેશ રાઠોડને ત્યાં રૂરલ પોલીસે રેઈડ કરતાં ૧૦ ડબ્બામાં ૧૨૦ લીટર ગોળપાણી, ૧૫ લીટર રસાયણ અને ૨ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

નવસારી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જિલ્લામાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓને ટાર્ગેટ બનાવી રેઈડો કરવામાં આવી રહી છે. પરંતુ ઈંગ્લીશ દારૂનો વેપલો કરનારાઓને પોલીસ તંત્ર આંગળી પણ નથી અડાવતું તેનું કારણ શું? રેંજ આઈ.જી. હસમુખ પટેલની કડક સૂચના માર્ગદર્શન હેઠળ પોલીસતંત્ર દેશી દારૂની ભઠ્ઠી ચલાવનારાઓ પાછળ હાથ ધોઈને પડી ગયું છે. પરંતુ ચેતન માછી જેવા એકમાત્ર બુટલેગરને પકડી શું પોલીસતંત્ર પોતાની નિષ્ઠાપૂર્વકની કામગીરી દેખાડી શકશે ખરી? પોલીસ તંત્રએ દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવનારાઓ ઉપર ગાળીયો કસ્યો છે. પરંતુ જલાલપોર વિસ્તારમાં જ ઈંગ્લીશ દારૂનો વેપલો કરનારા બુટલેગરો ખુલ્લેઆમ પોતાનો બુટલેગીંગનો ધંધો ચલાવી રહ્યા છે. તેઓ વિરુધ્ધ પોલીસ કાર્યવાહી થશે ખરી? પ્રશ્ન લોકમુખે ચર્ચાનો વિષય બન્યો છે.

જલાલપોર, પૂર્ણેશ્વર, વિજલપોરમાં ઇંગ્લીશ દારૂ વેચતા બુટલેગરો

(૧) મોહન સફી રહે. જલાલપોર રોડ, ગૌરી શંકર મહોલ્લો
(૨) દેવી પટેલ રહે. જલાલપોર, કોળીવાડ
(૩) મહેશ રહે. જલાલપોર, પોલીસલાઇન પાછળ
(૪) અનિલ રહે. પૂર્ણેશ્વર રોડ, પૂર્ણેશ્વર (હોલસેલર)
(૫) રાહુલ રહે. ઘેલખડી, નવસારી (પૂર્ણેશ્વર નજીક)

નવસારી જિ. આયોજન મંડળની બેઠકમાં ૬૬૩ લાખના વિકાસ કામોને મંજૂરી અપાઇ

ગણદેવી, બીલીમોરા, વિજલપોર પાલિકાઓને દરેકને રૂા.૨૫ લાખના ખર્ચનાં કામોને મંજૂરી આપવામાં આવી

નવસારીઃ નવસારી જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં મળેલી જિલ્લા આયોજનામંડળનીબેઠકમાંઅધ્યક્ષસ્થાનેથી રાજ્યના આદિજાતિ કલ્યાણ અને જિલ્લાના પ્રભારીમંત્રી મંગુભાઇ પટેલે નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન મંડળની વિવિધ જોગવાઇઓ હેઠળના તાલુકાવાર કરવામાં આવેલાં વિકાસકામો ૪૨૯ માટે રૂા.૬૬૩.૧૮ લાખના ખર્ચની મંજૂરી કરી ફાળવણી કરી હતી. તેમજ ગણદેવી, બીલીમોરા અને વિજલપોર નગરપાલિકાઓને દરેકને રૂા.૨૫ લાખ ખર્ચના કામોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

મંત્રી મંગુભાઇ પટેલે રાજ્ય સરકાર તરફથી વિકેન્દ્રિત વિવેકાધિન અને પ્રોત્સાહક જોગવાઇ હેઠલના ફાળવેલ રકમમાંથી જિલ્લાની આવશ્યકતા મુજબ તેમજ સ્થાનિક જરૂરિયાતોને લક્ષમાં લઇ વિકાસકામો નિયત સમયમાં શરૂ કરી નિયત સમયમાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ વિકાસકામો મજબૂત, ટકાઉ અને ગુણવત્તાવાળા થાય તે માટે અધિકારીઓ તથા પદાધિકારીઓને સ્થળ પર જઇ ચકાસણી કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં આયોજન મંડળની વિવિધ જોગવાઇ હેઠળ સને ૨૦૧૨-૧૩માં ૧૫ ટકા વિવેકાધિન અને ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇના આયોજનના કામો માટે કરવામાં આવેલા ખર્ચની ફાળવણીમાં નવસારી તાલુકાને ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇ હેઠળનાં ૭૧ કામો માટે રૂા.૧૧૦ લાખ અને ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇ હેઠલ ૯ કામો માટે રૂા.૨૨.૬૪ લાખ, જલાલપોર તાલુકામાં ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇ હેઠળ ૪૭ વિકાસકામો માટે ૧૦૨ લાખ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇના હેઠળના ૮ કામો માટે ૧૮.૪૨ લાખ, ગણદેવી તાલુકામાં ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇ હેઠળના ૬૩ કામો માટે રૂા.૧૧૦ લાખ અને પ્રોત્સાહક જોગવાઇ હેઠલ ૫ કામો માટે ૧૧.૧૧ લાખ, વાંસદા તાલુકાને વિવેકાધિન જોવાઇ હેઠળ કરવામાં આવેલાં ૧૦૮ વિકાસકામો માટે ૧૧૪.૯૦ લાખની અને ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇ હેઠલનાં ૬ કામો માટે રૂા.૭.૭૦ લાખ, ચીખલી તાલુકામાં ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇ હેઠલ ૧૦૯ કામો માટે રૂા.૧૫૦.૬૯ લાખ અને ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇ હેઠળ એક કામ માટે રૂા.૩૦ હજારના ખર્ચની ફાળવણી કરવામાં આવી છે. ઉપરાંત વિવેકાધિન જોગવાઇ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ના વિવેકાધિન જોગવાઇ હેઠળનાં ૧૫૦ લાખ ખર્ચના કામોની મંજૂરી આપી હતી.

બેઠકના પ્રારંભમાં જિલ્લા કલેકટર ડૉ. સંધ્યા ભુલ્લરે મંત્રી, સંસદસભ્ય અને ધારાસભ્યોને આવકાર્યા હતાં અને ચર્ચામાં ભાગ લીધો હતો. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેન્દ્ર પટેલ, ધારાસભ્ય સર્વશ્રી ગણદેવીના લક્ષ્મણ પટેલ, ચીખલીના નરેશ પટેલ, ડાંગ-વાંસદાના વિજય પટેલ, વાંસદાના છના ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખો, જિલ્લા વિકાસ અધિકારી જે.સી. ચુડાસમા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

નવસારીના ખડસુપા બેડીંગ વિસ્તારમાંથી ૨૦ હજારની કિંમતના કેબલવાયરની ચોરી

૧૨૦ મીટર કેબલ વાયરો ગતરાત્રી દરમ્યાન અજાણ્યા ચોરને ઉઠાવી ગયા

વેસ્મા, નવસારી તાલુકામાં ખડસુપા બોડીંગ વિસ્તારમાંથી ૧૨૦ મીટર કેબલ વાયર આશરે કિંમત રૂા. ૨૦,૦૦૦ ની ચોરી થઇ છે.

બનાવની મળતી માહિતી મુજબ નવસારી શહેરમાં શાંતાદેવી રોડ સ્થિત સંજીવની કોમ્પલેક્ષમાં રહેતાં અને ખડસુપા બોડીંગ વિસ્તારમાં કેબલ લાઇન ચલાવતા બ્રિજેશ પરસોત્તમભાઇ અગેરાનો બોડીંગ સ્થિત કોળી સમાજની વાડીની બાજુમાં સોમનાથ એગ્રો ઇન્ડસ્ટ્રીઝની બાજુમાંથી પસાર થતો કેબલ વાયર ૧૨૦ મીટર કિંમત રૂા. ૨૦,૦૦૦ ગતરાત્રે કોઇ અજાણ્યા ચોર ઇસમો ચોરી કરી ગયા હતા.

ઉપરોક્ત બનાવ અંગે બ્રિજેશ અગેરાએ નવસારી રૂરલ પોલીસને જાણ કરતાં નવસારી રૂરલ પોલીસે ફરીયાદ લઇ ચોરટાને ઝડપી પાડવા માટે ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

નવસારી પોલીસના હાથે ઝડપાયેલ વોન્ટેડ આરોપી બે દિવસના રીમાન્ડ પર

વેસ્મા : નવસારી રૂરલ પોલીસને છેલ્લા એક વર્ષથી હાથતાળી આપી નાસતો ફરતો વોન્ટેડ બુટલેગરને ઝડપી પાડી નવસારી અદાલતમાંથી રૂરલ પોલીસે બે દિવસનાં પોલીસ રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીને દમણના રમેશ નામનાં ઈસમે ઈંગ્લીંશ દારૂનો જથ્થો કડોદરા ચાર રસ્તા પહોંચાડવાની ટીપ આપી હોવાનું બહાર આવ્યું છે.

નવસારી રૂરલ પોલીસ મથકમાંથી મળતી માહિતી મુજબ નવસારી રૂરલ પોલીસને ૨૬-૨-૧૧નાં રોજ બાતમી મળી હતી કે એક કારમાં ઈંગ્લીંશ દારૂનો જથ્થો મોટા પાયે વહન થવાનો છે. બાતમીનાં આધારે રૂરલ પોલીસે કારનો પીછો કરતાં, કારચાલક માર્ગની બાજુમાં કાર પાર્ક કરી અંધારાનો લાભ લઈ પલાયન થઈ ગયા હતા.

પોલીસે કાર ચાલક અંગે તપાસ કરતાં તે બારડોલીનો હોવાનું બહાર આવ્યું હતું. જેના આધારે રૂરલ પોલીસે આરોપી કાર ચાલકોને વોન્ટેડ જાહેર કરી કારમાં લઈ જવાની ઈંગ્લીંશ દારૂની નાની-મોટી બોટલો નંગ ૧૦૦૮ કિંમત રૂા. ૧,૦૦,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

નવસારી રૂરલ પોલીસે વોન્ટેડ આરોપી અને બારડોલી સ્થિત ગાંધી રોડ ઉપર રહેતા અસ્ફાક મહેમૂદ ટોપીને ગીર નજીકથી ઝડપી પાડી નવસારી અદાલતમાં રજુ કરી પોલીસ રિમાન્ડની તજવીજ હાથ ધરી હતી. નવસારી અદાલતે આરોપી અસ્ફાક શેખના બે દિવસનો પોલીસ રિમાન્ડ મંજુર રાખતા, પોલીસે તેની પૂછપરછ કરતાં પ્રોહીબીશનનો મુદ્દામાલ દમણના રમેશ નામનાં ઈસમે કડોદરા ચાર રસ્તા પહોંચાડવા માટે આપ્યો હોવાનું અસ્ફાકે પોલીસ સમક્ષ કબુલ્યુ હોવાનું બહાર આવ્યુ છે.

મહારાષ્ટ્રમાંથી ગાડી ચોરી ગુજરાતમાં વેચી મારવાનું કૌભાંડ ઝડપાયુંઃ એકની ધરપકડ

મુંબઇથી ચોરાયેલી અનેક ગાડીઓની નંબર પ્લેટ બદલી વેચી મારીઃ મુખ્ય સૂત્રધાર ફરાર

વઘઇ, તા. ૨૦ઃ મહારાષ્ટ્રમાંથી ગાડી ચોરી લાવી નંબર પ્લેટ બદલી ગુજરાતનાં ડાંગ જિલ્લામાં વેચવાનું બહાર આવ્યું છે. જેમાં પોલીસે એક ગાડી જપ્ત કરી આહવા એલ. સી.બી.એ. એક ગુનેગારની ધરપકડ કરી મુખ્ય સૂત્રધારનાં ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યા.

બનાવની વિગત મુજબ નવ નિયુક્ત પોલિશ વડા ચૌહાણના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પી.એસ.આઇ. ડી.કે. પટેલ તથા હેડ કોન્સ્ટેબલ હરિશ તથા ડ્રાઈવર રામદાસે ડાંગ જિલ્લામાં આવતા - જતા વાહનો ચેકિંગ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. તે દરમિયાન આહવા પટેલપાડાના મુખ્ય માર્ગ ઉપર પીકવાન - નંબર પ્લેટ બદલેલો - જીજે- ૧૫ ઝેડ-૫૬૦૦ ને શંકાસ્પદ લાગતા તેની તપાસ કરી ડ્રાઈવર કમ માલિક ઇમ્તિયાઝભાઇ જુમ્માભાઇ શેખ (રહે. નાંદનપેંડા, જિ. ડાંગ)ની ઘનસ્ટિ પુછપરછ હાથ ધરાતાં ગભરાયેલા ઇમ્તિયાઝે આહવા એલસીબી, પીએસઆઇ. શ્રી ડી.કે. પટેલને જણાવ્યું. આ પીકવાન ગાડી મહારાષ્ટ્રમાંથી મુંબઇ પવય વિસ્તારમાંથી ચોરી તેના મુખ્ય સાથીદાર જે ભાગતો ફરે છે તે મુકસુદ હમીદભાઇ હડલી (મૂળ રહેવાસી ધરમપુર વડફળિયુ હાલ રહેવાનું સામગહાન) ગામે મૂળ ગાડી નં. એમ.એચ. -૨ વાય.એ. - ૬૬૭૬ ને બદલીને કેમ્પલીકેટ નં. જીજે - ૧૫ ઝેડ - ૫૬૦૦ લગાવી ડાંગ વેચવાના હતા આ ગુનાનો પદાર્ફાશ થતાં આહવા એલસીબી એ મુંબઇ (મહારાષ્ટ્ર) તપાસ કરાતા પીકવાન એમએચ-૨ વાયએ- ૬૬૭૬ ના માલિક મંગેશભાઇ રામચંદ્રભાઇ લોખંડેએ મુંબઇ પવય પોલિશ સ્ટેશને ગુનો નોંધાવ્યો હતો. આના આધારે આહવા પોલિસે ઇમ્તિયાઝ જુમ્માખાન શેખ રહે. નાંદનપેડા જિ. ડાંગની ધરપકડ કરી ગાડી ચોરી વેચી મારવાનો મુખ્ય સુત્રધાર મુકસુદ હનિફભાઇ હડલીની ધરપકડનો ચક્રો ગતિમાન કર્યા છે. મહારાષ્ટ્રમાંથી અનેક ગાડીઓ ચોરી નંબર પ્લેટ બદલી ડાંગ જિલ્લામાં વેચી મારવાનું જાણવા મળે છે.

જો ડાંગ પોલીસ આ બનાવને ગંભીરતાથી લઇ ઘનિષ્ઠ તપાસ હાથ ધરે તો અનેક ગાડી ચોરીના ભેદ ખુલે એમા બે મત નથી. હવે આહવા પોલીસ ગાડી ચોરીનો મુખ્ય સૂત્રધાર મકસુદની ધરપકડ થાય તો અનેક ગાડીચોરીનો ભેદ ખુલે.

નવસારી પોલીસે બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી

અગાઉ દારૂની ૧૮૭૪૪ બોટલો સાથે સુરતનો બુટલેગર ઝડપાયો હતો

વેસ્માઃ નવસારી લોકલ ક્રાઇમ બ્રાંચે સુરત સ્થિત બેગમપુરા તુલસી ફળીયામાં રહેતાં શાહીદ મહેબુબ શેખની પાસા અધિનિયમ હેઠળ અટક કરી સુરેન્દ્રનગર સબજેલમાં મોકલી આપ્યો છે.

મળતી માહિતી મુજબ નવસારી જિલ્લા પોલીસે બાતમીના આધારે ચીખલી રાનકુવા રોડ ઉપરથી વર્ષ ૨૦૧૧ આઇસર ટેમ્પામાં લઇ જવાનો ગેરકાયદેસદે ઇંગ્લીંશ દારૂ નાની- મોટી બોટલ નંગ ૧૮,૭૪૪ કિંમત રૂા. ૩૭,૭૮,૦૦ સાથે ઝડપી સ્થિત બેગમપુરા ખાતે આવેલા તુસલી ફળીયાના તુલક મેદાનમાં રહેતાં શાહીદ મહેબુબ શેખને ઝડપી પાડયો હતો.

ઉપરાંત કવોલીટી કેમને આધારેનવસારી જિલ્લા પોલીસવડાશ્રીએ નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત કરતાં વિરૂધ્ધની પાસા દરખાસ્ત મંજુર કરી હતી. આ અંગે જિલ્લા પોલીસવડાશ્રી નિલેશ જાજડીયાએ નવસારી એલ.સી.બી. કે.એન. પટેલને સૂચના અને માર્ગશદર્શન આપતા, એલ.સી.બી. ટીમે આરોપી શાહીદ શેખની પાસા અધિનિયમ હેઠળ અટકાયત કરી સુરેન્દ્રનગર સબજેલમાં રહેવા મોકલી આપ્યો છે.

બીલીમોરામાં ટ્રાફિકને નડતરરૂપ કેબીનો દુર કરવા વિપક્ષી સભ્યની સ્વાગત ઓનલાઇનમા અરજી

શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે ચાલતી ખાણી-પીણીની લારી, કેબીનો દુર કરવા માંગણી કરી

બીલીમોરાઃ બીલીમોરામાં રસ્તા તળાવ કે અન્ય જગ્યાએ ટ્રાફિકને નડતરરૂ લારી કેબીનો દુર કરવા પાલીકાના વિપક્ષી સભ્ય મનીષ દેસાઈને મુખ્ય મંત્રીના સ્વાગત ઓનલાઈનમા અરજી કરી સમસ્યાનું નિવારણ કરવા રજુઆત કરી છે.

પાલીકાના વિપક્ષી સભ્ય મનીષ દેસાઇ શહેરના જયુબીલી તળાવ, દેસરારોડ, એસ.વી. રોડ તથા અન્ય વિસ્તારોમાં લારી ગલ્લા, તથા ગેરકાયદેસર કેબીનોને દુર કરવા માટે મુખ્યમંત્રીના સ્વાગત ઓનલાઈનમાં રજુઆત માટે જિલ્લા કલેકટરને અરજી કરી છે. મનીષ દેસાઈએ જણાવ્યું છે કે શહેરના રસ્તાઓને પહોળા કરી બાંવવાનું કામ ચાલી રહ્યું છે. પણ આજ રસ્તાઓ પર લારી વાળઓ અડીંગો જમાવીને બેસી રહે છે. ગેરકાયદેસર કેબીનો પણ ઠેર ઠેર પાકી બનાવી દેવામાં આવી છે. દુકાનોનો સામાન રસ્તા પર ચાલવા જતા વાહનોને નડતરરૂપ છે. મુશ્કેલીઓ પડે છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ છે. જો કે પાલીકાના સભ્ય બાબુભાઇ ટેલરે આજ માટે ગઇ તારીખ ૧૩-૧૦-૧૧એ પાલીકા વિસ્તારમાં ગેરકાયદેસર દુકાનો, કેબીનો માટે અરજી કરી આપી હતી. પણ તેમણે જયારે દુકાનો અંગે માહિતી માગતા પાલીકાએ આવા વ્યકિતઓને નોટીસો આપેલી પણ કોઇ અસરકારક કામગીરી કરવામાં આવી ન હતી.

જયુબીલી તળાવ પરની ઘણી કેબીનોની તો પાકી દુકાનો બનીગઇ છે. તેમજ કેબીનો વાળા બહાર માડવા બનાવી રસ્તા રોકી રહ્યા છે. આ બધા કારણોસર વિપક્ષી સભ્ય મનીષ દેસાઇએ ટ્રાફિકને નડતરરૂપ લારી કેબીનો દુકાનો ગેરાકયદેસર સ્વાગત બનાવી દેવાઇ છે તેને તાત્કાલિક અસરથી દુર કરવા મુખ્યમંત્રીના સ્વાગતઓનલાઇનમા તેની અરજી દાખલ કરવા જિલ્લા કલેકટરને અરજી કરી છે.

આ અંગે પાલીકાના સીટી એન્જીનીયર હરીશભાઇ ટંડેલને પુછતાં તેમણે જણાવ્યું હતું કે કાચી કેબીનોની જગ્યાએ પાકી કેબીનો બનાવી જો હશે તો તેની સામે કાર્યવાહી કરીશ અને મંજુરી નગર કેબીનો બનાવાઇ હશે તો તેને પણ દુર કરવાની કાર્યવાહી ચોક્કસ કરીશું.

વાંસદા પ્રતાપ હાઈસ્કુલ ખાતે યોજાયેલા ૨૧માં આદિવાસી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત આદિજાતી કલ્યાણ, વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલ સાથે મહાનુભાવો જનમેદની સાથે નૃત્ય નિહાળતા નજરે પડે છે. અન્ય તસ્વીરોમાં રાજ્યનાં જુદા જુદા જીલ્લાનાં કલાકારો દ્વારા રજુ કરાયેલી સુંદર કૃતિની ઝલક (તસ્વીરઃ નિલેશ કાપડીયા, વાંસદા)

વાંસદા ખાતે રાજ્ય કક્ષાનો આદિવાસી મહોત્સવ યોજાયોઃ કલાકારોની કળા ખીલી ઊઠી

પશ્ચિમિ સંસ્કૃતિના અનુકરણ સામે આદિવાસી પ્રજાએ કલાવારસો જાળવ્યો છેઃ વન મંત્રી પટેલ

વાંસદા, વાંસદા ખાતે રાજ્યકક્ષાના ૨૧માં આદિવાસી મહોત્સવને રાજ્યના વન પર્યાવરણ મંત્રી મંગુભાઇ પટેલે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો.

પ્રતાપ હાઇસ્કુલ વાંસદાન પટાંગણમાં યોજાયેલા મોત્સવામાં રાજ્ય આદિવાસી જિલ્લાના ૪૦૦૦ જેટલા કલાકારો બે દિવસ દરમિયાન આદિજાતિ સંસ્કૃતિની કલાઓ રજૂ પ્રથમ દિવસે એક પ્રકારની નૃત્ય રજૂ થયો હતો. કલાકારોએ પરંપરાગત અને આગવી ઢબ થી આદિવાસી લોકનૃત્યો, લોકવાધો અને પરંપરાગત પહેરવેશથી સમગ્ર મહોત્સવને આદિવાસીમય બનાવી દીધું હતું. ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના વરસાદ સાથે કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. વાંસદાના રાજવી શ્રી પટેલ પણ આદિજાતિ મહોત્સવને નિહાળ્વા આવ્યા હતા.

વિશાળ લોકસમુહની ઉપસ્થિતિમાં યોજાયેલા આદિજાતિ મહોત્સવ અવસરે આદિજાતીની લોકસંસ્કૃતિ એ આગવી અને વિશિષ્ટ ઓળખ ધરાવતી સંસ્કૃતિ હોવાથી જણાવી વનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની આદિજાતી પ્રજા પણ સમૃધ્ધિ કલાવારસો ધરાવે છે. જેને અવિરત જાળવી રાખી જતન કર્યુ છે. પશ્ચિમ સંસ્કૃતિના અનુકરણ સામે આદિવાસી પ્રજાએ સંસ્કુતિનો કલાવારસો જાળવ્યો છે. આદિજાતિ મહોત્સવના માધ્યમ દ્વારા વિસરાઇ જતી આદિજાતી ભવ્ય કલા અને સંસ્કૃતિને ટકાવી રાખવાનો પ્રયાસ પ્રવર્તમાન સરકારે કર્યો છે. અંબાજી થી ઉમરગામ સુધી ગિરીકંદરાઓમાં પથયેલી આ પ્રાચીન સંસ્કૃતિ ગુજરાતની એક આગવી ઓળખ છે, ત્યારે આદિજાતીઓના કલાકારોમાં રહેલી સુષુપ્ત કલાને બહાર લાવવા અને પ્રાચીન કલા જીવંત રાખવાનો પ્રયાસ રાજ્યકક્ષાના આદિજાતી મહોત્સવના માધ્ય દ્વારા કરવામાં આવી રહ્યો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ સુરેન્દ્રભાઇ પટેલે આનંદ અને ગૌરવ લાગણી અનુભવતાં જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તાર લોકકલા અને સંસ્કૃતિનો છે. આદિવાસીઓએ લોકકલા સાથે આધ્યાત્મિકતાને જોડીને સંસ્કૃતિને ઉજાગર કરી છે.

આદિજાતિ મહોત્સવમાં ચીખલીના ધારાસભ્ય નરેશભાઇ પટેલ, ગણદેવીના ધારાસભ્ય લક્ષ્મણભાઇ પટેલ, રમતગમત વિભાગના નાયબ સચિવ પટેલ, જિલ વિકાસ અધિકારી જે.સી.ચુડાસમા જિલ્લા પોલીસ વડા નિલેશ જાજડીયા, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ પિયુષભાઇ દેસાઇ, વાંસદાના સરપંચ બુધુભાઇ પટેલ, તા.પં. વાંસદાના પ્રમુખ રાજેશ્રી થોરાટ, કારોબારી અધ્યક્ષ રસીક ટાંક, વાંસદા તાલુકા ભાજપ પ્રમુખ ભગુ પટેલ, મહામંત્રી વિરલ વ્યાસ, મહામંત્રી ધુલુમ, નવસારી જીલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ મટેરા ગામિત જિલ્લા પંચાયત નવસારીનાં શિક્ષણ સમિતિના અધ્યક્ષ નુતન પટેલ રાકેશ શર્મા વાંસદા ટી.ડી.ઓ સી.એમ. ગામીત સહીત સમગ્ર તાલુકામાંથી સરપંચો તથા સ્થાનીક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

વાંસદામાં કલાયાત્રાનો માર્ગ બદલવાના કલેકટરનાં નિર્ણયથી લોકોમાં નિરાશા

વાંસદા, રાજ્ય કક્ષાનાં ૨૧માં આદિજાતી મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે વાંસદા નગરમાં લોકનૃત્યોની ઝાંખી કરાવતી વિશાળ કલાયાત્રાને વાંસદા ખાંભલા વિસ્તાર માંથી જીલ્લા પંચાયત પ્રમુખ સુરેન્દ્ર પટેલ પ્રસ્થાન કરાવશેના આમંત્રણ કાર્ડ તથા જાહેરાત દ્વારા પ્રસિદ્ધ કરાતા ખાંભલા ઝાપા થી નીકળી જલારામ મંદિર થઇ જે માર્ગથી આ યાત્રા પસાર થનાર હતી ત્યાં લોકોમાં ઉત્સાહનું વાતાવરણ હતું.

અને કલાયાત્રાનાં માર્ગ પર સલામતી માટે પોલીસ પણ તહેનાત કરાઇ હતી પરંતુ નવસારી જીલ્લા સમાહતા ડો. સંધ્યા અચાનક મનસ્વી નિર્ણય લઇ અગાઉ કરાયેલ જાહેરાતને નજર અંદાજ કરાઇ હોઇ કોઇપણ જાતનાં દેખીતા કારણ વગર આ હલાયાત્રા ટુકાવી દઇ તનો માર્ગ બદલી નાંખ્યો હતો અને તેની જાણ પણ કોઇને ન કરી આ યાત્રા વાંસદા જુના દરબારથી શરૂ કરી દેવાય હોઇ અને ગાંધી મેદાન સુધીમાં પૂર્ણ કરાય હતી ત્યારે કાર્યક્રમ શરૂ થવાને એક કલાક બાકી હતો જ પૂર્વ સુચના વિના માર્ગ બદલાતા સ્થાનીક લોકો કે જ્યાંથી આ કલાયાત્રા પહેલા પસાર થનાર હતી તેઓ આ માર્ગ પર ગોઠવાયેલી પોલીસ સુધ્ધા પાત્રાની વાટ જોતી રહી ગઇ હતી એટલું જ નહીં પરંતુ ખાંભલા ઝાપા વિસ્તારમાં રહેતી ઉત્સાહીત મહિલાઓએ આ કલાયાત્રાનાં કલાકારો તથા તેમા જોડાનાર તમામ નાં સ્વાગતમ માટે એક હજાર ગ્લાસ સરબતની સગવડ કરી હતી આ મહિલાઓ પણ કલાયાત્રાનાં સ્વાગત ઇચ્છા મનમાજ રહી જતા નિરાશ થઇ હતી

એક હજાર લોકો માટે બનાવાયેલ સરબત અને કલાયાત્રાની તૈયારી એડે ગઇ

આજથી નવસારી જિ.માં કોંગ્રેસ દ્વારા આદિવાસી અધિકારયાત્રાનું આયોજન, ૨૫મીએ સમાપન

જિલ્લાના આદિવાસી વિસ્તારમાં જનજાગૃતિ અભિયાન હાથ ધરવા ધમધમાટ

વિજલપોર, તા.૨૦ઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેજા હેઠળ નવસારી જિલ્લામાં કોંગ્રેસ સમિતિ દ્વારા આવતી કાલ તારીખ ૨૧મીથી ૨૫મી સુધી આદિવાસી અધિકારયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૨૧મી મેના રોજ સવારે ૧૦ કલાકે જલાલપોર તાલુકાના એરૂ ચાર રસ્તા ખાતેથી શરૂ થનાર આદિવાસી અધિકારયાત્રામાં કેન્દ્રીયમંત્ર તુષારભાઇ ચૌધરી, મોહનસિંહ રાઠવા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોવિંદભાઇ પટેલ, આર. વી. પટેલ, ભીમભાઇ પટેલ, વસંતભાઇ પટેલ, ભારતીબહેન પટેલ, વાંસદાના ધારાસભ્ય છનાભાઇ પટેલ, જગમલ દેસાઇ, મુન્ના પંચાલ, અશોકભાઇ પટેલ (કરાડી), પીયુ પટેલ, નવસારી તાલુકાના આગેવાન ભગુભાઇ પટેલ, દિનેશભાઇ પટેલ, એ.ડી. પટેલ, દિપક શાહ સહિતના તમામ આગેવાનોની સાથે સ્થાનિક કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરો સહિત તમામ વિસ્તારોના આદિવાસી, હળપતિ અને દલિત લોકો સહિત ભાઇ બહેનો મોટરસાઇકલ અને કાર સહિતના વાહનો સાથે રેલી સાકારે નીકળી એરૂ ચાર રસ્તાથી સમોદિયા, ઘેલખડી, પૂર્ણેશ્વર, વિરાવળ, કસ્બા, પડઘા, સરઇ, ધામણ, ચોખડ, ડાંભેલ થઇ બપોરે બે કલાકે વેસ્મા ખાતે જાહેરસભામાં ફેરવાશે ત્યાંથી બપોરના ભોજન બાદ બપોરે ૩ કલાકે નવસારી તાલુકાના કુચેદ, પેસ, તરસાડી, દંડેશ્વર, મુનસાડ, સદલાવ, નવાતળાવ, અષ્ટગામ, ભૂવા ફળિયા, કછોલી, અડદા સહિતના ગામોમાં ફરી સાંજે નવાગામ ખાતે સભાના રૂપમાં ફેરવાશે.

જલાલપોર અને નવસારી બાદ આદિવાસી અધિકાર રેલી ૨૨મી મેના રોજ ગણદેવી તાલુકો, ૨૩મીએ ચીખલી તાલુકો અને ૨૪મી મેના રોજ વાંસદા તાલુકાના ગામોમાં ફરી આદિવાસી સહિતના તમામ લોકોની જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે મુલાકાત લઇ જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડશે.

જિલ્લાના તમામ તાલુકાઓમાં ફર્યા બાદ આગામી તારીખ ૨૫મી મેને શુક્રવારના રોજ બપોરે ૧૧ કલાકે ચીખલી કોલેજના મેદાનમાં રાખવામાં આવેલી જાહેરસભામાં પ્રદેશ કોંગ્રેસના આગેવાનો શંકરસિંહ વાઘેલા, અર્જુનભાઇ મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ, તુષારભાઇ ચૌધરી સહિતના આગેવાનો નવસારી જિલ્લાના આદિવાસી સહિતના તમામ લોકોને સંબોધન કરી માર્ગદર્શન આપશે. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે સેવા આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોવિંદભાઇ પટેલ તેમજ આર. વી. પટેલ છે.

વાંસદાના ટાઉન હોલમાં આજે રકતદાન શિબિરનું આયોજન

વાંસદા, તા. ૨૦ઃ વિજ્ઞાન અને ધર્મની દ્રષ્ટીએ રકતદાન એ વિશ્વનું શ્રેષ્ઠદાન છે. રકતદાન વિર્શેની અંધશ્રધ્ધાઓ નિવારવાના અનેે લોહીની જરૂરીયાત સમયે લોહી મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવાનાં આશયથી ગ્રામ પંચાયત વાંસદા ખાતે ટાઉન હોલમાં સવારે ૯ વાગ્યેથી ત્રણ વાગ્યા દરમિયાન આજે તા. ૨૧-૫-૨૦૧૨ને સોમવારના રોજ એક રક્તદાન કેમ્પનું આયોજન વાંસદા વિધાન સભા મત વિસ્તારનાં યુથ કોગ્રેસ પ્રમુખ રાજીત પાનવાલા , ઉપપ્રમુખ અનંત માટલા, માહમંત્રી વિકુંજ તથા વલસાડ લાકસત્તા મત વિસ્તારનાં યુથ કોંગ્રેસ મહામંત્રી અનંત પટેલ, દ્વારા સંખ્યાબંધ સ્વૈચ્છિક સંસ્થાઓનાં સહયોગથી કરવામા આવ્યું છે. જેમાં રકતદાન કરી મહામુલી માનવ જીંદગી બચાવવા માટે આયોજકો તરફથી અપીલ કરાય છે.